# ભાવનગર મહાનગરપાલિકા–ભાવનગર.

**જાહેરાત ક્રમાંક** :-BMC/૨૦૧૭૧૮/3 ભાવનગર મહાનગરપાલિકામાં **ટેકનીકલ આસિસ્ટન્ટ (સિવિલ) કુલ જગ્યા-૧૫** .સીધ ભરતીથી ભરવામાટેhttp://ojas.gujarat.gov.inપર તા.૦૪/૦૫/૨૦૧૭,૧૮:૦૦ કલાકથી તા.૧૩/૦૫/૨૦૧૭, ૨૩:૫૯ કલાક સુધીમાં ઓન લાઈન ઉમેદવારી કન્ફર્મ કરવા જણાવવામાં આવે છે.

**જગ્યાનું નામ :- ટેકનીકલ આસિસ્ટન્ટ (સિવિલ) કુલ- જગ્યા- ૧૫**

**સીધી ભરતીથી જગ્યાઓ ભરવાનું માહિતી દર્શાવતું પત્રક**

| ક્રમ | જગ્યાનું નામ | ભરવા પાત્ર જગ્યાઓ |
|---|---|---|
| ૧ | ટેકનીકલ આસિસ્ટન્ટ (સિવિલ) | ૧૫ |

**૧.શૈક્ષણિક લાયકાત** :-

(૧) ટેકનીકલ પરીક્ષા બોર્ડ અથવા જી.ટી.યુ દ્વારા માન્ય થયેલ સંસ્થામાંથી ત્રણ વર્ષનો ડિપ્લોમા ઇન સીવીલ એન્જીનીયરીંગ અથવા સરકારેમાન્ય કરેલી લાયકત ધરાવતો હોવો જોઇએ. તેમજ બી.ઈ.(સિવિલ) ઉમેદવાર પણ અરજી કરી શકશે.

(૨) કોમ્પ્યુટર જાણકારી અંગેનું માન્ય સંસ્થાનું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઇએ.

(3) ગુજરાતી , હિન્દી તથા અંગ્રેજી ભાષાનું પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

**૨.પગાર ધોરણ :-**

(૧) પ્રથમ પાંચ વર્ષ માટે રૂ|. ૧૩૫૦૦/- પ્રતિમાસ ફિક્સ પગાર અને તેના ઉપર માસિક ખાસ ભથ્થું રૂ|. ૧૫૦૦/- મળીને કુલ રૂ|. ૧૫૦૦૦/- ઉચ્ચક પગારથી નિમણુક અપાશે. ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે થયેથી રૂ|. ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે રૂ|.૨૮૦૦/- મુજબ નિયમીત મેળવવાને પાત્ર થશે.

**૩. ઉંમર :-**

(૧) અરજી સ્વિકારવાની છેલ્લી તારીખનાં રોજ ઉંમર ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ

(૨) ભાવનગર મહાનગરપાલિકાના કર્મચારીઓને ઉમરનો બાદ લાગુ પડશે નહી.પરંતુ ભાવનગર મહાનગરપાલિકાના કર્મચારીઓ એ નાયબ કમિશ્નર(એડમિન)નું નાં વાંધા પ્રમાણપત્ર(NOC) રજુ કરવાનું રહેશે.

**૪.વયમર્યાદા:-**

(૧) ૧૮ વર્ષથી ઓછી ઉંમર અને ૩૩ વર્ષથી વધુ ઉંમર ન હોવી જોઇએ.

(૨) ઓનલાઈન અરજીસ્વિકારવાની છેલ્લી તારીખ એટલે કે તા. ૧૩/૦૫/૨૦૧૭ ના રોજ ઉમેદવારની વય ૧૮ વર્ષથી ઓછી તેમજ ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ

(3) મુળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના, ઉમેદવારો તથા તમામ મહિલા, વિકલાંગ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબની છુટછાટ મળવા પાત્ર રહેશે.

| | |
|---|---|
| ૧. સામાન્ય મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ |
| ૨. અનામત વર્ગના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ |
| ૩. અનામત વર્ગના મહિલા ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૪. સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ |
| ૫. સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૬. અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને | ૧૫ વર્ષ |
| ૭. અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને | ૨૦ વર્ષ |

૮. માજી સૈનિક ઉમેદવાર માટે

(૧) માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં સરકારશ્રીના ધારા ધોરણ મુજબ છુટછાટ મળવાપાત્ર છે.

(૨) ઉમેદવાર પોતે જ માજી સૈનિક હોવા જોઇએ, માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં તથા પરિશિષ્ટમાં માજી સૈનિક તરીકે ફરજ બજાવ્યાના સમયગાળાની વિગતો આપવાની રહેશે. માજી સૈનિક ઉમેદવારે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ કચેરી દ્વારા નિયત નમુના મુજબનું કાયદા દ્વારા અધિકૃત કરેલ અધિકારીની સહિવાળું, સશસ્ત્રદળોમાં ઉમેદવારના નોકરીના સમયગાળા દર્શાવતું પ્રમાણપત્ર બોર્ડ સમક્ષ માંગણી થયેથી રજુ કરવાનું રહેશે. જો ઉમેદવારે તેની ઓનલાઇન અરજીમાં માજી સૈનિક કેટેગરીમાં ક્લીક કરેલ હોય અને ભવિષ્યમાં બોર્ડ દ્વારા માંગણી કરાય ત્યારે જો ઉમેદવાર માજી સૈનિક તરીકેના અધિકૃત આધાર પુરાવારજુ કરવામાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં ઉમેદવારનો માજી સૈનિક તરીકે નોકરી મેળવવા અંગેનો હક્કદાવો ધ્યાને લેવામાં આવશે નહી અને માજી સૈનિક માટે ઠરાવેલ મેરીટ અન્વયે પસંદગી થયેલ હશે તો પસંદગી / નિમણુંક રદ કરવામાં આવશે. જેની ઉમેદવારે નોધ લેવી.

**નોંધ** :- ઉમેદવાર નીચે મુજબની વિકલાંગતા ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. (સરકારશ્રીના નિયમો અનુસાર)

(૪) તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાંમળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયતતારીખેકોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

(૫) તમામ ઉમેદવારોના કિસ્સામાં વય મર્યાદા, શૈક્ષણિક લાયકાત, અનુભવ અને નોન ક્રિમિલિયર સર્ટિફિકેટ અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતીએ ધ્યાનમાં લેવામાં આવશે.

<u>**નોંધ :-**</u>

(૧) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે પરંતુ તેમને પસંદગી માટેના ધોરણો બિનઅનામત કક્ષાના લાગુ પડશે.

(૨) ઉંમર અરજી સ્વીકારવાની છેલ્લીતારીખના રોજની ગણવામાં આવશે.

(3) જાહેરાતમાં ઉપલી વયમર્યાદા ૩૩ વર્ષ ની આપવામાં આવેલ છે, તેમાં નીચે દર્શાવ્યાં મુજબની છુટછાટ મળવાપાત્ર છે.

(4) મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે પાંચ વર્ષ(વધુમાં વધુ ૩૮ વર્ષની મર્યાદામાં)

## ૫. અનામત જગ્યાઓની વિગત

| કુલ જગ્યા | બિન અનામત | | સામાજિક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગ | | અનુસુચિત જનજાતિ | | અનુસુચિત જાતિ | | કુલ જગ્યા પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | માજી સૈનિક | શા.ખો.ખા |
| ૧૫ | ૮ | ૩ | ૧ | ૦ | ૨ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |

- સરકારશ્રીની સ્થાયી પ્રવર્તમાન સુચનાઓ મુજબ આ સંવર્ગનીકુલ ખાલી જગ્યાઓ પૈકી અનુસુચિતજાતિ(S.C.), અનુસુચિત જનજાતિ(S.T.) , સા.શૈ.પ.વર્ગ(O.B.C.) અનામત રાખવા આવશે.
-તદઉપરાંત માજી સૈનિક માટે જે-તે કેટેગરીમા ૧૦ ટકાજગ્યાઓ (૨) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો માટે ૩ ટકા જગ્યાઓ અને (૩) મહિલાઓ માટે ૩૩ ટકાઅનામત રખવામાં આવશે.
-ઉપરોક્ત કેટેગરીનાં ઉમેદવારોને સરકારશ્રીના નિયમોનુસાર ઉંમરમાં છૂટછાટ મળવાપાત્ર થશે.

### (૧) મહિલા ઉમેદવારો માટે : -

- જાહેરાતમાં જે તે કેટેગીરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે ૩૩ ટકા અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાય બાકી રહેતી જગ્યાઓ ફકત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણાવાનું નથી, આ જગ્યાઓ ઉપર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસદંગી પુરૂષ માટે ઠરાવેલ મેરીટ ના ધોરણે વિચારણા થઇ શકે છે. આ જાહેરાત અન્યવે પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.
- ( દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવારો માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પુરૂષ માટે ઠરાવેલ મેરીટના ધોરણે પણ પસંદગી પામી શકે છે. )
- મહિલાઓ અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો, તે જગ્યા સંબધિત કેટેગીરી ( જનરલ, એસ.સી, એસ.ટી, એસ.ઇ.બી.સી. ) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

### (૨) વિધવા ઉમેદવારો માટે :-

- ઉમેદવાર વિધવા હોય તો અરજીપત્રકમાં તે સબંધિત કોલમમાં ક્લીક કરવાનું રહેશે. વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજીપત્રમાં તે કોલમ સામે અચુક માહિતી આપવી.. વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો, ઉમેદવારે નિમણુક સતાધિકારો/ બોર્ડ સમક્ષ પ્રમાણપત્ર ચકાસણી સમેયે પુન: લગ્ન કરેલ નથી તેવી એફીડેવિટ અચુક રજુ કરવાની રહેશે. જો

ઉમેદવાર આ પ્રમાણપત્ર/એફિડેવિટ રજુ નહી કરે તો વિધવા ઉમેદવાર તરીકેના મળવાપાત્ર લાભ આપવામાં આવશે નહી. પરંતુ અન્ય રીતે યોગ્યતા ધરાવતા હશે તો બોર્ડ દ્વારા વિચારણાં કરવામાં આવશે. જાહેરાતની જોગવાય મુજબ લાયક વિધવા ઉમેદવાર કે જેમ ભરતી તથા નિમણુંક સમયે પુન: લગ્ન કરેલ ન હોય તેમના કિસ્સામાં સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇ મુજબ સ્પર્ધાત્મક પરીક્ષામાં તેઓએ મેળવેલ કુલ ગુણના પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

**(૩) માજી સૈનિક ઉમેદવારો માટે :-**

- ઉમેદવાર પોતે જ માજી સૈનીક હોવા જોઇએ
- માજી સૈનીક માટે નિયમનુસાર ૧૦% જગ્યા અનામત છે. માજી સૈનીક કેટેગીરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગીરી (જનરલ, એસ.સી, એસ.ટી, એસ.ઇ.બી.સી.) સામે સરભર કરવામાં આવશે માજી સૈનીકની અનામત જગ્યાઓ માટે લાયક માજી સૈનીક ઉમેદવાર નહી મળે તો તે જગ્યા જે તે કેટેગરીનાં અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે

**(૪) શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો માટે :-**

- શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોની અનામત રાખેલ ૩ ટકા જગ્યાઓ સામે પસંદગી પામેલ ઉમેદવારને જે તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે.

સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:- અપગ /૧૦૨૦૧૩/૧૮૯૦/ખ તા. ૧૧-૧૨-૨૦૧૩ થી શારીરિક અશકત વ્યકિતઓ માટે જગ્યાઓ અનામત રાખવા બાબતે નીચે મુજબની જોગવાઇ થયેલ છે.

| ક્રમ | વિકલાંગતાની કેટેગીરી | અનામત જગ્યાની ટકાવારી | વિકલાંગતાની પ્રકાર |
|---|---|---|---|
| ૧ | શ્રવણની ખામી | ૧.૫ | HH- Hearing handicapped |
| ૨ | હલનચલનની વિકલાંગતા અથવા મગજનો લકવા | ૧.૫ | OA<br>(OA- one arm affected ( R or L )<br>a. Inpaired reach<br>b. Weakness of grip<br>c. Ataxic<br>OAL OAL =one arm and one lag affected |
| મોડરેટ એટલે કે ૪૦ ટકાથી કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા | | | |

- શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રમાં ચોકકસ માહિતી આપવાની રહેશે.
- શારીરિક અશકતતા ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી શારીરિક અશકતતા ધરાવતા હોય તેવા ઉમેદવારોને જ શારીરિક અશકતતાનો લાભ મળવાપાત્ર રહેશે શારીરિક અશકતતાનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે (૧) શ્રવણની ખામી (૨) હલનચલન અશકતતા અથવા મગજનો લકવો તે પૈકીની ) કઇ શારીરિક અશકતતા છે તે સ્પષ્ટ દર્શાવવું.

- શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગનાતા.૦૧-૧૨-૨૦૦૮ના પરીપત્ર ક્રમાંક:-પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ-2 થી નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ /સિવીલ સર્જન / મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર જ માન્ય ગણવામાં આવશે. તેમજ આ અસલ પ્રમાણપત્ર નિમણુંક અધિકારી/બોર્ડ સમક્ષ રજુ કરવામાં નહિ આવે, તેવા કિસ્સામાં જેતે ઉમેદવારને શારીરિક અશક્તતા ઉમેદવાર તરીકેનો લાભ મળવા પાત્ર થશે નહિ અને પસંદગી/નિમણુંક રદ કરવામાં આવશે. જે શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારે ઓનલાઈન અરજીમાં અશક્તતા પ્રકાર,પ્રમાણપત્ર નંબર અને તારીખ યોગ્ય કોલમમાં અચુક દર્શાવવાનો રહેશે.
- શારીરિક અશક્તતાની જગ્યા જેતે કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે.જો શારીરિક અશક્તતાના કિસ્સામાં જે તે કેટેગરી માટે નિયમાનુસાર અનામત રાખવામાં આવેલ જગ્યાઓ સામે લાયક ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તેવા કિસ્સામાં તે જગ્યાઓ જે તે કેટેગરીના ઉમેદવારોથી ભરવામાં આવશે.

**(૫) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે:-**

- સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭(તા.૧-૪-૨૦૧૬ થી તા.૩૧-૩-૨૦૧૭)નું રાજ્ય સરકારની સેવાઓ માટે નિયત પરીશિષ્ટ – (ક)માં ગુજરાતી નમુના મુજબનું નોન ક્રિમીલેયર સર્ટીફિકેટ સક્ષમ અધિકારીશ્રીએઈશ્યુ કરેલ હોય તે રજુ કરવાનું રહેશે. તોજ અનામતનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે આવા કિસ્સામાં સામાજીકઅને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે ઠરાવેલ અનામતનો લાભ નહિ મળે.

**(૬) કોમ્પ્યુટરની જાણકારી :-**

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા-૧૩/૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ નં.સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩ ૨૦-ગ-૫ , થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનુ બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઇએ અથવા સરકાર માન્ય યુનિવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડીપ્લોમા / ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે

પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. આ તબકકે આવુ પ્રમાણપત્રન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે, પરંતુ આવા ઉમેદવારોએ નિમણુક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવુ પ્રમાણપત્ર નિમણુક મેળવતા પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણુક મેળવવાને પાત્ર થશે નહિ. તેમજ નિમણુક સતાધિકારી/બોર્ડ આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી રદ કરશે.

## જાહેરાતની સામાન્ય જોગવાઈ

**૧. નાગરિકત્વ:-**

ભારતના નાગરીક હોવા જોઇએ.

**નોંધ :-** જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક ભાવનગર મહાનગરપાલિકા વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો નિયમાનુસાર તેમનાં કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

**૨.ભરેલા અરજીપત્રક:-**

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે નિયત બિનાઅનામત કેટેગરી ના ઉમેદવારો રૂા ૨૦૦ (ફી નોન રિફન્ડેબલ) અને અનામત કક્ષાના ઉમેદવારો એ રૂા ૧૦૦. (ફી નોન રિફન્ડેબલ) ફી ભરવાની રહેશે.

(૨) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો રૂા ૨૦૦ અરજી ફી ભરવાની રહેશે

(૩) અરજી ફી વગરની અગ્રિમ નકલ વિચારણામાં લેવામાં આવશે નહી.

(૪) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનાઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેને બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૫) અરજી ફી કોઇપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહી.

**૩.શૈક્ષણિક લાયકાત:-**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાની માર્કશીટ (બધા જ વર્ષો/સેમેસ્ટર) ની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે. તેવો તેમનો હક્કદાવોહોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

**૪. ના વાંધા પ્રમાણપત્ર:-**

(૧) ગુજરાત સરકારના સરકારી / અર્ધસરકારી /સરકાર હસ્તકના કોર્પોરેશન / કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/ કર્મચારીઓ ભાવનગર મહાનગરપાલિકાની જાહેરાતના સંદર્ભમાં બારોબાર ઑનલાઇન અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ ખાતા /કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-7 માં અચુક કરવાની રહેશે. જો ઉમેદવારેના નિયોક્તા તરફથી અરજી

મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકારની અથવા અન્ય કોઇપણ રાજ્ય સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારે ખાતા મારફત ઑનલાઇનઅરજી મોકલવાની રહેશે અથવા આ સાથે નિમણુક અધિકારી નું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૪) ભાવનગરમહાનગરપાલિકાના કર્મચારીઓએ નાયબ કમિશ્નર(એડમિન)નું નાં વાંધા પ્રમાણપત્ર(NOC) મેળવીને જ અરજી કરવાની રહેશે.

**૫.ગેરલાયક ઉમેદવાર :-**

(૧) ભાવનગર મહાનગરપાલિકા કે અન્યમહાનગરપાલિકા અથવા અન્ય સરકારી / અર્ધ સરકારી /સરકાર હસ્તક્ની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલા હોય તો તેની વિગત અરજી પત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયક નો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ્દ થવાને પાત્ર બનશે.

(૨) ફરજિયાત નિવૃત્તિ,રુખસદ, બરતરફ :-
અગાઉ ઉમેદવારને સરકારી સેવા / સરકાર હસ્તક ની કંપની કે બોર્ડ કોર્પોરેશન માંથી ક્યારેય પણ ફરજીયાત નિવૃત્તિ, રુખસદ કે બરતરફ કરવામાં આવેલ હોયતો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે નિમણુક મળ્યા બાદ આ બાબત ધ્યાન ઉપર આવશે તો નિમણુક રદ કરવામાં આવશે.

**૬.અગત્યની જોગવાઈ**:-

(૧) ભાવનગર મહાનગરપાલિકાની પસંદગી સમિતિ, ખરેખર ભરવાપાત્ર જગ્યાઓની સંખ્યા અને આવેલ કુલ અરજીઓની સંખ્યા ધ્યાને રાખી જે યોગ્ય જણાશે તેવી કટ ઓફ ટકાવારી નક્કી કરી મેરીટયાદી તૈયાર કરી ફકત શોર્ટલિસ્ટેડ ઉમેદવારો ને તેઓના અસલ પ્રમાણપત્રો તેમજ અન્ય આનુષંગીક આધારોની ચકાસણી કરવા માટે જાણ કરવામાં આવશે અને ત્યારબાદ લેખીત પરીક્ષા / પ્રેકટીકલ ટેસ્ટ માટે કોલલેટર ઇસ્યુ કરવામા આવશે. ફાઇનલ મેરીટ લિસ્ટ મુળભુત લેખીત પરીક્ષા / પ્રેકટીકલ ટેસ્ટમાં મળેલ માર્કસની ટકાવારીને આધારે તૈયાર કરવામાં આવશે.

(૨) ટેકનીકલ આસિસ્ટન્ટ (સિવિલ) માટે મૂળભૂત લાયકાત ડિપ્લોમા ઇન સીવીલ એન્જીનીયર હોય, ડિપ્લોમા ઇન સીવીલ એન્જીનીયરની ટકાવારીને આધારે લેખીતપરીક્ષા/પ્રેકટીકલ ટેસ્ટ મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે અને ૧૫ જગ્યા ભરવાપાત્ર હોય તેની સામે પસંદગી સમિતિ દ્વારા નક્કી કરવામાં આવે તેટલા ઉમેદવારોને લેખિત / પ્રેકટીકલ ટેસ્ટ માટે કોલ લેટર ઇસ્યુ કરવામાં આવશે. મેરીટ લીસ્ટ કરતા સમયે અંતીમ ક્રમે આવતા સમાન ગુણવાળા તમામ ઉમેદવારોને લેખિત પરિક્ષા / પ્રેકટીકલ ટેસ્ટ માટે કોલ લેટર ઇસ્યુ કરવામાં આવશે.

(૩) **ફાઇનલ મેરીટ લિસ્ટ તૈયાર કરતી વખતે મૂળભૂત, લેખીત પરીક્ષા / પ્રેક્ટીકલ ટેસ્ટના પરીણામનુ વેઇટેજ ૧૦૦% (સો ટકા) મુજબ ગણવામાં આવશે.**

(૪) ઓનલાઇન અરજી કરતા ઉમેદવારોએ અરજી ફોર્મમાં ભરવામાં આવેલ માહીતી / વિગતોમાં કોઇ ભુલ કે ક્ષતી કરવામાં આવેલ હશે તો તે અરજી રદ ગણવામાં આવશે અને આ બાબતે કોઇ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

(૫) યુનિવર્સિટી અથવા કોઇ સંસ્થા માર્કસ<u>ટકાવારીને બદલે</u>**CPI /CGPA/SGPA/OGPA /ગ્રેડ દર્શાવવાતી હોય**, તો તેવા કિસ્સામાં ઉમેદવારે તે માર્કસને **યુનિવર્સિટી અથવા સંસ્થાના માન્ય સુત્રમાં ટકાવારીમાં ગણતરી કરી અરજી ફોર્મમાં ટકાવારીજ દર્શાવવાના રહેશે**. **જો કોઇ ઉમેદવાર અરજી ફોર્મમાં CPI / CGPA / SGPA / OGPA /ગ્રેડ દર્શાવશે તો તેઓની અરજી ધ્યાને લેવામાં આવશે નહિ, જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.**

(૬) એથલેટીક્સ(ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ,હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલિબોલ, ટેનિસ, વેઈટ લિફ્ટિંગ, રેસ્લિંગ, બોક્સિંગ, સાઈક્લિંગ, જીમનેસ્ટિક, જુડો, રાઈફલ શૂટિંગ, ખો-ખો, તીરંદાજી,ઘોડેસવારી, ગોળાફેંક, નૌકા સ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે

ઉમેદવારે મેળવેલ કુલ ગુણના ૦૫(પાંચ)% ગુણ ઉમેરી આપવામાં આવશે આ માટે ઉમેદવારે

સરકારે તા.૨૫-૨-૧૯૮૦ના ઠરાવ ક્રમાંક:સી.આર.આર/૧૦૭૭/૨૬૬૦/ગ.૨તથાતા.૧–૮-૧૯૯૦

ના ઠરાવ ક્રમાંક : સી.આર.આર/1188/3644/ ગ.2 માં નિયત કર્યા મુજબના સતાધિકારીપાસેથી

નિયત નમુનામા મેળવેલ જરૂરી પ્રમાણપત્ર સમિતિ માંગે ત્યારે રજુ કરવાનું રહેશે આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતનાં ગુણ માટે હકદાર થશે.

**૭.લેખીતપરીક્ષા/પ્રેકટીકલ ટેસ્ટ:-**

(૧) લેખીતપરીક્ષા/પ્રેકટીકલ ટેસ્ટ ભાવનગર શહેરખાતે જ લેવામા આવશે. ઉમેદવારે પોતાના ખર્ચેઉપસ્થિત થવાનુ રહેશે .

(૨) પસંદગી પામેલ / પ્રતીક્ષા યાદીમાં રાખવામાં આવેલ ઉમેદવારોને અસલ પ્રમાણપત્રો રજુ કરવાની જાણ કરવામાં આવશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો નિયત થયેલ સમય મર્યાદામાં રજુ કરશે નહી તો તેઓનું નામ પસંદગી યાદી / પ્રતિક્ષા યાદી માંથી રદ કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.

(૩) પ્રતિક્ષા યાદી નિમણુંક પત્ર ઇશ્યુ કર્યાની તારીખથી ૧(એક)વર્ષ સુધી અમલમાં રહેશે અને ત્યારપછી તે આપોઆપ રદ ગણાશે. પસંદગી પામેલ ઉમેદવારો હાજર ન થાયતે કિસ્સામાં જ પ્રતિક્ષાયાદીમાંથી નિમણુંક કરવામાં આવશે.

(૪) આ ભરતી પ્રક્રિયા બાબતે કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર જે નિર્ણય કરે તે આખરી અને બંધનકર્તા રહેશે.

કમિશ્નર
ભાવનગરમહાનગરપાલિકા,
ભાવનગર.

# Online અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત:

આ જાહેરાતના સંદર્ભમાં ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ઓન લાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા.૦૪/૦૫/૨૦૧૭ બપોરે ૧૮:૦૦ કલાક થી તા ૧૩/૦૫/૨૦૧૭, ૨૩:૫૯ કલાક સુધીમાં http://ojas.gujarat.gov.in પર અરજી પત્રક ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૬) અનુસરવાના રહેશે. ConfirmationNumbe મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

(૧) સૌ પ્રથમ http://ojas.gujarat.gov.in પર જવુ.

(૨) Apply Online Click કરવુ. આ પ્રમાણે click કરવાથી (૧) More Details તથા (૨) Apply Now બટન દેખાશે. સૌપ્રથમ More Details પર click કરીને જાહેરાતની બધી જ વિગતોનો અભ્યાસ ઉમેદવારોએ કરવો. અને ત્યારબાદ Apply Now બટન click કરવું.

(3) **ટેકનીકલ આસિસ્ટન્ટ (સિવિલ)** ઉપર click કરવાથી જગ્યાની વિગતો મળશે.

(૪) તેની નીચે Apply Now પર click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌપ્રથમ “personal Details” ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદરડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) personal Details” માં જ્યાં Mobile Number અને email ID માંગ્યા છે, તેની વિગત લખવી જેથી જરૂર જણાયે ભાવનગર મહાનગરપાલિકા ઉમેદવારનોસંપર્ક કરી શકે.

(૫) Personal Details ભરાયા બાદ Educational Details ભરવા માટે Educational Details પર Click કરવું અને પોતાની શૈક્ષણિક વિગતો ભરવી.

(૬) Additional Qualification પર click” કરી Additional Qualification ભરવી.

(૭) Experience Details પર click” કરવુ અને Experience Details ભરવી. વધુ Experience ઉમેરવા માગતા હોવ તો Add. More Exp. પર click” કરી Details ભરવી.

(૮) Additional Information પર click’’ કરી ત્યાં માહિતી ભરવી. જે વધારાનો અનુભવ ojas Module માં સમાવિષ્ટ ન થતો હોય, તો સાદા કાગળ પર ojas માં જણાવ્યા મુજબના અનુભવના કોઠા પ્રમાણે આપે વધારાના અનુભવની વિગત ઉમેરીને મોકલવી.

(૯) તેની નીચે self-Declaration” માં Yes/ No પર click કરવુ.

(૧૦) હવે save પર click’’ કરવાથી તમારો Data Save થશે. અહિં ઉમેદવારનો Application Number generate થશે.

(૧૧) જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો Edit Applicationમાં જઇને કરી શકાશે, આ સુવિધા અરજી Confirm કરતાં પહેલા ઉપલબ્ધ છે. એક વખત અરજી Confirm થઇ ગયા પછી/બાદ આ સુવિધા ઉપલબ્ધ રહેશે નહિં.

(૧૨) હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર Click કરો અહિં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ ok પર click કરો. અહિં Photoઅને Signature Upload કરવાના છે. (ફોટાનું માપ 5 સે.મી. ઉંચાઇ અને 3.6 સે.મી. પહોળાઇ અને Signature નું માપ 2.5 સે.મી. ઉંચાઇ અને 7.5 સે.મી પહોળાઇ રાખવી) ( Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (15KB) સાઇઝ થી વધારે નહિં તે રીતે Computer માં હોવા જોઇએ.) Browse” Button પર click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો Photo Store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને open” Button પર click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૧૩) હવે પેજના ઉપરના ભાગમા Confirm Application “પરClickકરો અને Application Number “તથા

(૧)Birth Date Type કર્યા બાદ ok પર clicksકરવાથી (૨)બટન ૧.Application preview ૨.Confirm Application દેખાશે. ઉમેદવારે "Application preview " પર Click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય, તો Edit Application ઉપર click કરીને સુધારો કરી લેવો. અરજી confirm કર્યા પહેલાં કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ, અરજી confirm થઈ ગયા બાદ અરજીમાં કોઈપણ સુધારો થઈ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂરના જણાય તો જ confirm application પર click કરવું. Confirm application પર click કરવાથી ઉમેદવારની અરજીનો ભાવનગર મહાનગરપાલિકામાં online સ્વીકાર થઈ જશે. અહીં confirmation number generate થશે જે હવે પછીની બધીજ કાર્યવાહી માટે જરૂરી હોય ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation number સિવાય કોઈપણનો પત્ર વ્યવહાર કરી શકાશે નહીં.Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચુક કાઢી રાખવી.

(૧૪) ઉમેદવારોએ ભરવાની અરજી ફી નીચેના વિકલ્પથી ભરી શકે છે.

- <u>પોસ્ટ ઓફિસમાં</u> :-સામાન્ય કેટેગરીના ઉમેદવારે અને અનામત કક્ષા ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan " ઉપર ક્લીક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફિસમાં ભાવનગર મહાનગરપાલિકાની ફી +પોસ્ટલ સર્વિસ ચાર્જ તા .૧૫/૦૫/૨૦૧૭ ,સુધીમાં ભરવાની રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા Confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાના રહેશે અને ભાવનગર મહાનગરપાલિકા દ્વારા મંગાવાવમાં આવે, ત્યારે જ અરજીપત્રક બિડાણો સહિત તથા ફી ભરેલા ચલણની નકલ સાથે આર.પી.એ.બી. / સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે અથવા ભાવનગર મહાનગરપાલિકાની કચેરીમાં રૂબરૂમાં આપી જવાના રહેશે.

(૧૫) દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગોવશાત, જો કોઈ ઉમેદવારે એક થી વધુ અરજી કરેલ હશે તો છેલ્લી Confirm" થયેલ અરજી,તેની સાથે નિયત ફી ભરેલ હશે, તો તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે અગાઉની અરજી સાથે ભરેલ ફી છેલ્લી "Confirm " થયેલ અરજી સામે ગણવામાં આવશે નહિ જો ઉમેદવારે છેલ્લી "confirm " થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહિ હોય તો આ ઉમેદવારની નિયત ફી સાથે ની Confirm " થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે . જો ઉમેદવારે એક થી વધુ અરજી સાથે ફી ભરેલ હશે તો તે રિફંડ કરવામાં આવશે નહિં.

**<u>અરજી ફી :</u>**

(૧) સામાન્ય કેટેગરીના ઉમેદવારી પોસ્ટ ઓફીસમાં રૂ। ૨૦૦/- તથા અનામત કક્ષાના ઉમેદવારોએ પોસ્ટ ઓફિસમાં રૂ। ૧૦૦/- ભાવનગર મહાનગરપાલિકાની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે. અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે.

(૨) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહી હોય તેવા ઉમેદવારને કોઇ પણ સંજોગોમાં લેખીત પરીક્ષા/પ્રેકટીકલ ટેસ્ટમાં બેસવા દેવામાં આવશે નહી. આ ફી ફક્ત પોસ્ટ ઓફીસ દ્વારા જ સ્વીકારવામાં આવશે, રોકડમાં, ડીમાન્ડ ડ્રાફ્ટથી, ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડર કે પે ઓર્ડરના સ્વરૂપમાં આ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઇ ઉમેદવાર, આ જગ્યા ના ભરતી નિયમો, તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલુમ પડશે તો તેમની ઉમેદવારી કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.

નોંધ **<u>ટેકનીકલ આસિસ્ટન્ટ (સિવિલ) કુલ- ૧૫</u>** જગ્યાના ભરતી નિયમો, લેખીત પરીક્ષા / પ્રેકટીકલ ટેસ્ટનો અભ્યાસક્રમ, અરજીપત્રક સાથે જોડવાના આવશ્યક પ્રમાણપત્રોની નકલ, વય મર્યાદામાં છુટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'ક' નો નમૂનો, સરકારી કર્મચારીએ રજુ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો ભાવનગર મહાનગરપાલિકાની કચેરીના નોટીસબોર્ડ અને ભાવનગર મહાનગરપાલિકા ની વેબસાઇટ www.bmcgujarat.com ઉપર જોવા મળશે.

## પસંદગી પામેલ / પ્રતિક્ષાયાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોએ રુબરુ મુલાકાત સમયે નીચે મુજબ અસલ પ્રમાણપત્રો તથા તેની નકલ રજુ કરવાની રહેશે.

જાહેરાત ક્રમાંક :-BMC/૨૦૧૭૧૮/3

જગ્યાનું નામ :- **ટેકનીકલ આસિસ્ટન્ટ (સિવિલ)કુલજગ્યા– ૧૫**

(આ યાદી ફક્ત ઉમેદવારોને મદદરૂપ થવા માટે છે. અર્થઘટનના પ્રસંગે જાહેરાતની જોગવાઇ તથા પરીક્ષા નિયમોની જોગવાઇ ધ્યાને લેવાની રહેશે.)

| | |
|---|---|
| ૧ | એસ.એસ.સી./એચ.એસ.સી.ની માર્કશીટ તથા બોર્ડના પ્રમાણપત્રની નકલ કે જેમાં જન્મતારીખ દર્શાવેલ હોય તેની નકલ રજુ કરવાના રહેશે. (શાળા છોડ્યાના S.L.C. પ્રમાણપત્રમાં તફાવત માન્ય ગણાશે નહીં.) |
| ૨ | ઉમેદવારે નામમાં ફેરફાર કરેલ હોય તો તેના પુરાવાની નકલ રજુ કરવાના રહેશે. |
| 3 | સ્કુલ લીવીંગ સર્ટી ની નકલ રજુ કરવાના રહેશે. |
| ૪ | અનુસુચિતજાતિ (S.C) , અનુસુચિત જનજાતિ(S.T) , સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ(OBC) માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરવાના રહેશે. |
| ૫ | શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં જાહેરાતમાં દર્શાવેલ ડિપ્લોમા ઇન સીવીલ એન્જીનીયરની તમામ પરીક્ષાની માર્ક શીટની નક્લ રજુ કરવાના રહેશે. |
| ૬ | કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોય તેના આધારો રજુ કરવાના રહેશે. |
| ૭ | સરકારી કર્મચારીના કિસ્સામાં લેખીત પરીક્ષા/પ્રેકટીકલ ટેસ્ટસમયે સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ ના-વાંધા પ્રમાણપત્રની નકલ અચુક રજુ કરવાની રહેશે. અન્યથા લેખીત પરીક્ષા/પ્રેકટીકલ ટેસ્ટમાં પ્રવેશ મળશે નહીં. (સામાન્ય વહીવટ વિભાગના તા:૦૮–૧૧-૮૯ ના પરિપત્રથી નિયત થયેલ નમુના મુજબ) |

આ તબક્કે ઉમેદવારોનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે અનુભવે એમ જણાય છે કે, અરજીપત્રક સાથે બિડવાના બિડાણો / પ્રમાણપત્રો વગેરે અંગે પૂરતી કાળજી ઉમેદવારો દ્વારા લેવામાં આવતી હોતી નથી. ઉમેદવારોને જણાવવામાં આવેલ પ્રમાણપત્રો પૈકી કોઇક પ્રમાણપત્રો બિડવાના રહી જતાં હોય છે, કે પ્રમાણપત્રો જાહેરાતમાં આપેલી સૂચના મુજબના હોતા નથી. આવા પ્રસંગોએ ભાવનગર મહાનગરપાલિકા તેઓની અરજી રદ કરવી પડે છે. આ પ્રકારની બાબત આપના કેસમાં ન બને તે માટે અરજી ભાવનગર મહાનગરપાલિકામાં રજુ કરતાં પહેલાં આ અંગે પૂરતી કાળજી રાખી. ચકાસણી કરીને જ, તે અરજી સાથે આપના તરફથી રજુ કરવામાં આવે તે જોવા જણાવવામાં આવે છે.

# પરિશિષ્ટ-ક

ભાવનગર મહાનગરપાલિકાનીનોકરીમાં / ઉચ્ચ  શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા માટે અરજી કરતી વખતે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રજુ કરવાના પ્રમાણપત્રનો નમુનો.........

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે.............................. જીલ્લાના................................ તાલુકાના.............................. ગામના શ્રી/કુ................................ ના પુત્ર/પુત્રી..................... જ્ઞાતિના છે. જેને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.1-4-78ના ઠરાવ નંબર-બકર/1079/13734/ઙ. તેમજ ત્યાર બાદના વખતો વખતના સુધારા/વધારાથી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકે જાહેર કરેલ છે.

શ્રી...................................... અને /અથવા તેમનું કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજ્યના.......................... જિલ્લાના રહીશ છે. આથી એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે તે/તેણીનો ગુજરાત સરકાર ના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.01-11-1995 ના ઠરાવ ક્રમાંક: સશય-1194-109-અ સાથેના પરિશિષ્ટ થી નિયત કરવામાં આવેલ ઉન્નત વર્ગો (ક્રિમિલેયર) ની વ્યકિત/જુથમાં સમાવેશ થતો નથી.

તારીખ:...................... સક્ષમ અધિકારીની સહિ,

(સીલ) હોદ્દો:

નોંધ:

ક) ઉપર દર્શાવેલ સામાન્ય રીતે શબ્દનો અર્થ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-19 (રીપ્રેઝન્ટેશન ઓફ ધીપલ્સ એકટ,1950) ની કલમ-20માં જણાવ્યા મુજબનો જ રહેશે.

ખ) આવાં જાતિ પ્રમાણપત્રો આ જ રાજ્યપત્રિત અધિકારીઓમાં આવા પ્રમાણપત્રો આ જ નમુનામાં પરંતુ જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સક્ષમ અધિકારીની પ્રતિસહીવાળા હોવા જોઇએ.(રાજય પત્રિત અધિકારીઓ દ્વારાઆપવામાં આવેલા અને જિલ્લા મેજીસ્ટ્રેટ /સક્ષમ અધિકારી દ્વારા ખરાઇ કરવામાં આવેલા (અટેસ્ટેડ) પ્રમાણપત્રો પુરતાં ગણવામાં આવશે નહિ.)

# <u>ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો</u>

ક્રમાંક:

સા.વ.વિ.ના તા: 8-11-89 ના પરિપત્ર ક્રમાંક: એફઆઓ-એ-1088-3940-ગ-2 થી નિયત કરવામાં આવેલ પ્રમાણપત્ર

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી .............................. આ ખાતામાં તા............................ થી સતત જગ્યા પર કામ કરે છે.

જગ્યાનું નામ.........................................................................................................................

2. એ પણ પ્રમાણિત કરવામાં આવે છે કે જ્યારે તેઓની સરકારમાં પ્રથમ નિમણુંક કરવામાં આવી હતી ત્યારે તેઓએ જે જગ્યા માટે અરજી કરી છે તે જગ્યા માટે નિયત કરવામાં આવેલ ઉપલી વયમર્યાદાની અંદર હતા અને તેઓની નિમણુંક માન્ય પધ્ધતી દ્વારા હંગામી/કાયમી રીતે કરવામાં આવી છે.

3. જગ્યાનું નામ:.................................................... (વર્ગ-............) જે જગ્યા માટે શ્રી/ શ્રીમતી....................................... એ અરજી કરી છે તે ભાવનગર મહાનગર પાલીકા દ્વારા વિચારણામાં લેવામાં આવે તો આ ખાતાને હરકત સરખું નથી.

( )

હોદ્દો

ખાતાના વડા

સ્થળ:

તારીખ :

પ્રતિ,

શ્રી................................................

....................................................

...................................................

નકલ રવાના :-